| | પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.<br>પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧<br>વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦<br>કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪<br>e-mail : special.cp.sur@gmail | |
|---|---|---|

# હંગામી જાહેરનામું

## :: ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલ હુકમ.::

**ક્રમાંક એસ.બી./મકરસંક્રાંતી તહેવાર નિમીત્તે ટુ-વ્હિલર વાહનો પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું/ ૦૭ /૨૦૨૪.**

આગામી તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ મકરસંક્રાતીનો તહેવાર આવતો હોય સુરત શહેરમાં આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે અને કપાયેલા પતંગો અને દોરા વિગેરે કપાઇને જાહેર રોડ ઉપર આવતા હોય છે. રોડ ઉપર પસાર થતા વાહન ચાલકોના ગળામાં અકસ્માતે દોરો ભેરવાઇ જતા ગંભીર પ્રકારના અકસ્માતો બનવાની પુરે પુરી શક્યતાઓ છે.

ભુતકાળમાં વરાછા ફ્લાઇ ઓવરબ્રીજ ઉપર તેમજ કતારગામ લલીતા ચોકડી ચાર રસ્તા ઉપર મકરસંક્રાંતિ તહેવાર દરમ્યાન પતંગની દોરીના કારણે ટુ-વ્હિલર વાહન ચાલકોના મરણ ગયેલાના અકસ્માતના બનાવો નોંધાયેલ છે. જેથી આવા ગંભીર અકસ્માત અટકાવવા અને જાહેર જનતાની સલામતી જાળવવા માટે જાહેર હિતમાં નીચે મુજબનો પ્રતિબંધ મુકવો જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું અજયકુમાર તોમર ( આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરૂં છું કે,

### :: હુકમ ::

સુરત શહેરમાં તમામ ફ્લાઇ ઓવરબ્રીજ ઉપર બંન્ને સાઇડેથી ટુ-વ્હિલર વાહનોને તા.૧૪/૦૧/૨૦૨૪ ના કલાકઃ ૦૦/૦૦ થી તા.૧૫/૦૧/૨૦૨૪ ના કલાકઃ ૨૪/૦૦ વાગ્યા સુધી અવર જવર કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**નોંધ** : -

(૧) પ્રતિબંધિત સમય દરમ્યાન ટુ-વ્હિલર વાહન ચાલકો નદી ઉપરના બ્રિજ સિવાયના તમામ ફ્લાય ઓવર બ્રિજની નીચેના રસ્તેથી અવર જવર કરી શકશે.

(૨) જે ટુ-વ્હિલર વાહન ચાલકો ટુ-વ્હિલર ઉપર આગળના ભાગે સેફટી ગાર્ડ લગાવે તેવા વાહન ચાલકોને આ પ્રતિબંધીત માંથી મુક્તિ આપવામાં આવે છે.

(૩) નદી ઉપરના બ્રિજ ઉપર જનાર ટુ-વ્હિલર વાહન ચાલકોને પણ આ પ્રતિબંધીત માંથી મુક્તિ આપવામાં આવે છે.

### :: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા.૧૪/૦૧/૨૦૨૪ ના કલાકઃ ૦૦/૦૦ થી તા.૧૫/૦૧/૨૦૨૪ ના કલાકઃ ૨૪/૦૦** સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

### ::શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતના ફોજદારી અધિનીયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનીયમ સને-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: **જાહેર વિજ્ઞાપન** ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય 'ન' હોવાથી આથી હું આ એક તરફથી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઇટ ઉપર હુકમની નકલ ચોંટાડી/મૂકી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ પી.આર.ઓ. કચેરી મારફતે પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે. ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તારીખ: ૦૮/૦૧/૨૦૨૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી-૧,૨ તથા ટ્રાફિક અને ક્રાઇમ,સુરત શહેર
(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૩) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૪) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
**(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)**
(૫) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**સવિનય નકલ રવાના** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( **સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)**